અપીલ અરજી નં.૩૫૫ તા.૧૬–૧–૧૦

અરજદાર:– શ્રી ડી. જે. અકબરી

સામાવાળા:– ડે.કમિશનર (પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડી. જે. અકબરીની તા.૧૬–૧૧–૦૯ ની અરજીથી (૧). તા.૨૪–૩–૦૯ ની અરજીના સંદર્ભે કરેલ કાર્યવાહીની નોંધની નકલ પૂરી પાડવી. (૨) સુમપાની નોર્થઝોન કચેરી તરફથી પૂરી પાડેલ માહિતી ધ્યાને લેતાં મનમંદિર સોસા.નો વોટર ઝોનમાં સમાવેશ થયેલ ન હોવા છતાં ખોટી રીતે વસુલ કરેલ પાણી વેરાની રકમ મજરે આપવામાં આવનાર છે કે કેમ? (૩) સોસા. માં આવેલ કોમન વિસ્તારમાં પણ ખાતા ધ્વારા સફાઈ કરવામાં આવતી ન હોવાછતાં વસુલ કરેલ ચાર્જની રકમ મજરે આપવામાં આવનાર છે કે કેમ? (૪) આપેલ માહિતી જોતાં પાણી, ડ્રેનેજ અને સફાઈ ચાર્જને સંયુકત રીતે વોટર એન્ડ સુઅરેઝ ચાર્જમાં સમાવેશ કરવાનો ઉલ્લેખ કરેલ હોવા છતાં અલગથી વસુલ કરવામાં આવેલ છે તેની સ્પષ્ટતા કરવી. (૫) સુમપાની મધ્યસ્થ કચેરી અને નોર્થઝોન ગોતાલાવાડી કચેરીના જાહેર માહિતી અધિકારી અને એપેલેટ ઓફિસરશ્રીના નામ તથા સરનામાંની વિગત પૂરી પાડવા અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૬–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૫૫/૨૦૦૯–૧૦

શ્રી ડી. જે. અકબરીની તા.૧૬–૧૧–૦૯ ની અરજીથી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી નોર્થઝોનના પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૬૪૩ તા.૨૩–૧૨–૦૯ થી મુદ્દા નં.૫ ની આપેલ માહિતીના નિર્ણયથી તથા મુદ્દા નં.૧ થી ૪ ની નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર મળેલ ન હોવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને તબદીલ કરેલ હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૧૯ તા.૨૮–૧–૧૦ થી ડે.કમિશનર (પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.અને.ઝેડ/એઆરડી/૮૦૬ તા.૫–૨–૧૦ તેમજ પત્ર નં.એન.ઝેડ/આ.નં.૭૬૧૧ તા.૪–૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, નોડલ ઓફિસર તરફથી ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામને તબદીલ કર્યા અંગેનો પત્ર નં.આરટીઆઈ સેલ/૯૨૯ તા.૨૪–૧૧–૦૯ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, લોકેશન નં.૬૨એ–૧૩–૭૨૭૧–૦–૦૦૧ અને ૦૦૨ ના પાર્ટી સ્ટેટસની નકલ, અરજદારને આપેલી માહિતી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૭૧૫ તા.૧૬–૧૨–૦૯ ના પત્રની નકલ તા.૪–૪–૦૯ , તા.૨૯–૭–૦૯,તા.૧૧–૧૨–૦૯, ના રોજ મનમંદિર સોસા. તથા રોડમાં સાફ સફાઈ અને દવા છંટકાવના સ્થાનિક રહીશોના પ્રમાણપત્રની નકલઅરજદારને આપેલ માહિતી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૬૪૩ તા.૨૩–૧૨–૦૯ ના પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૬–૧૧–૦૯ થી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકા તરીકે અરજી કરવામાં આવેલ. જે અરજી તા.૧૬–૧૧–૦૯ થી મધ્યસ્થ કચેરીમાં સ્વીકારવામાં આવેલ છે. જે નં.આરટીઆઈ સેલ/૯૨૯ તા.૨૪–૧૧–૦૯ થી ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને તબદીલ કરવામાં આવેલ. જેમાં અરજદારે ઉપરોકત વિષય બાબતે મુદ્દા નં.૧ થી ૫ થી માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/આ.નં.૭૧૫ તા.૧૬–૧૨–૦૯ થી તથા પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૬૪૩ તા. ૨૩–૧૨–૦૯ થી અરજદારને માહિતી પૂરી પડાવામાં આવેલ છે.( ૧). તા.૨૪–૩–૦૯ ની અરજીના સંદર્ભે કરેલ કાર્યવાહીની નોંધની નકલ પૂરી પાડવી. તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારી તરફથી ઉપરોકત અરજીના મુદ્દા નં.૧ બાબતે પ્લોટ નં.૨૨૭–૨૨૮ મન મંદિર સોસા., છાપરાભાઠા ટેના નં.૬૨એ–૧૩–૭૨૭૧–૦–૦૦૨ થી નોધાયેલ મિલ્કતમાં તા.૧૨–૧–૦૯ ના રોજ વસુલ લેવામા આવેલ વોર્ટર ચાર્જ અને વોટરટેક્ષની રકમ રૂા.૨૭૦/– સદર મિલ્કતમાં અરજદારની તા.૨૪–૩–૦૯ ની અરજી પહેલા તા.૨૩–૧–૦૯ ના રોજ કમી કરવામાં આવેલ છે. જે અંગે પાર્ટી સ્ટેટસમાં પણ વોટર ટેક્ષ દર્શાવેલ નથી તેનો આધાર અત્રે રજૂ કરેલ છે. અને આ માહિતી અરજદારને આપવામાં આવેલ છે. (૨) સુમપાની નોર્થઝોન કચેરી તરફથી પૂરી પાડેલ માહિતી ધ્યાને લેતાં મનમંદિર સોસા.નો વોટર ઝોનમાં સમાવેશ થયેલ ન હોવા છતાં ખોટી રીતે વસુલ કરેલ પાણી વેરાની રકમ મજરે આપવામાં આવનાર છે કે કેમ? તેવા પ્રશ્નના ઉત્તરમાં જાહેર માહિતી અધિકારીએ મન મંદિર સોસા.માં નોન–વોટરઝોનમાં હોવાથી વોટર ટેક્ષ કે વોટર ચાર્જ વસુલ લેવામાં આવતો નથી. તેવી માહિતી આપવામાં આવેલ છે. (૩) સોસા. માં આવેલ કોમન વિસ્તારમાં પણ ખાતા ધ્વારા સફાઈ કરવામાં આવતી ન હોવાછતાં વસુલ કરેલ ચાર્જની રકમ મજરે આપવામાં આવનાર છે કે કેમ? તેવા પ્રશ્નના ઉત્તરમાં જાહેર માહિતી અધિકારીએ સુઅરેજ ચાર્જ (સફાઈ વેરો) વસુલવામાં આવે છે જે નિયમો અનુસાર વસુલાત પાત્ર હોય કમી થઈ શકે તેમ નથી તેવી માહિતી આપવામાં આવેલ છે. (૪) આપેલ માહિતી જોતાં પાણી, ડ્રેનેજ અને સફાઈ ચાર્જને સંયુકત રીતે વોટર

એન્ડ સુઅરેઝ ચાર્જમાં સમાવેશ કરવાનો ઉલ્લેખ કરેલ હોવા છતાં અલગથી વસુલ કરવામાં આવેલ છે તેની સ્પષ્ટતા કરવી. તેવા પ્રશ્નના ઉત્તરમાં જાહેર માહિતી અધિકારીએ મન મંદિર સોસા. મિલ્કત પ્લોટ નં.૨૭, ૨૮ માં વોટર ચાર્જ કે વોટર ટેક્ષ વસુલવામાં આવતો નથી તે અંગેના હેડ વાઈઝ, પાર્ટી સ્ટેટસ વર્ષ ૨૦૦૬–૦૭ થી ૨૦૦૯–૧૦ સુધી પાના નંગ–૬ દસ્તાવેજ ખર્ચ (ફી) રૂા.૧૨/–(પાના દીઠ રૂા.૨/–) કચેરી કામકાજના દિવસો દરમ્યાન સવારે ૧૧ થી ૪.૩૦ કલાક દરમ્યાન જમાં કરાવી આકારણી અને વસુલાત વિભાગની કચેરીમાંથી મેળવી લેવા જણાવેલ છે. તદ ઉપરાંત વસુલ લ ેવામાં આવેલ સુઅરેજ ચાર્જ નિયમો અનુસાર વસુલાત પાત્ર હોય મજરે આપી શકાય તેમ નથી. તેવી માહિતી આપવામાં આવેલ છે. (૫) સુમપાની મધ્યસ્થ કચેરી અને નોર્થઝોન ગોતાલાવાડી કચેરીના જાહેર માહિતી અધિકારી અને એપેલેટ ઓફિસરશ્રીના નામ તથા સરનામાંની વિગત પૂરી પાડવા અંગેની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્નના ઉત્તરમાં જાહેર માહિતી અધિકારીએ અરજદારને નં.એન.ઝેડ/આ.નં.૬૬૪૩ તા.૨૩–૧૨–૦૯ થી " છાપરાભાઠા રોડ પર આવેલ મનમંદિર સોસા.માં આવા જવા માટે બનાવવામાં આવેલ છાપરાભાઠા રોડથી ગોપીનાથ સોસા. પાસેથી પસાર થતા અને મન મંદિર સોસા.ના મકાન નં.૧૮ સુધીના રોડ ઉપર અઠવાડીયામાં બે દિવસ સફાઈ કામગીરી કરવામાં આવે છે તેમજ સોસા.ની અંદર પણ સફાઈ કરવામાં આવે છે. વધુમાં જાહેર માહિતી અધિકારીએ સોસા. રોડ તથા સોસા.માં છેલ્લા બે માસ દરમ્યાન તા.૩–૧૧–૦૯, તા.૬–૧૧–૦૯, તા.૮–૧૧–૦૯, તા.૧૨–૧૧–૦૯, તા.૧૪–૧૧–૦૯ , તા.૨૪–૧૧ –૦૯, તા.૨૮–૧૧–૦૯ તા.૧–૧૨–૦૯ તા.૬–૧૨–૦૯, તા.૯–૧૨–૦૯, તા.૧૧–૧૨–૦૯, તા.૧૩–૧૨–૦૯ ના રોજ સફાઈ કરાવવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાના નોર્થ ઝોન કતારગામ ખાતેના જાહેર માહિતી અધિકારી તરીકે શ્રી સી.જે. ગામીત સુરત મહાનગરપાલિકા મુગલીસરા, સુરત તથા સુરત મહાનગરપાલિકાના એપેલેટ ઓફિસર તરીકે શ્રી મહેશસિંઘ ડે.કમિશ્નર(જનરલ) સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત હાલ કાર્યરત છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારે તા.૧૬–૧૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી ૩૦ દિવસમાં કોઈ નિર્ણય મળેલ નથી તથા મળેલ જવાબથી સંતોષ નથી કારણકે સોસા.ના તમામ સભ્યોએ સફાઈ ડ્રેનેજ ચાર્જીસ બાબતે લેખિતમાં વાંધાઓ રજૂ કરેલ છે. અને આવી સર્વીસ આપવા અમોએ માંગણી કરેલ નથી. તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. અપીલમાં અરજદારે કરેલી રજૂઆત મુળ અરજીથી અલાયદી અપીલ તબકકે પૂરક ઉપસ્થિત કરેલ છે. જેને માટે અપીલનું કારણ ઉત્પન થતું નથી. વધુમાં આ બાબત તકરાર નિવારણને સ્પર્શતી જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીના તા.૧૬–૧૨–૦૯ પત્ર અન્વયે જણાવેલ નિર્દિષ્ટ ફી ભરપાઈ કરી દસ્તાવેજની નકલ મેળવવા સ્વતંત્ર છે.

અરજદારે મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિ કરેલ અલાયદા પ્રશ્ન બાબતે અરજદાર લાગત જાહેર માહિતી અધિકારીને કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડી. જે. અકબરી હિસાબનીશ,